
પ્રયોગશાળાઓ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત સુરક્ષાનાં ધોરણો




**સામાજીક અંતર**

વ્યક્તિઓ વચ્ચે 6 ફૂટ કે તેથી વધુ અંતર હોય તેની ખાતરી કરો, સિવાય કે કાર્યના પ્રકાર અથવા કામ કરવાની જગ્યાની સંરચનાને કારણે આ અંતર રાખવું અસુરક્ષિત હોય.

- કામદારો માટે કૉમન અને ભારે અવરજવરવાળા વિસ્તારો કે જ્યાં કામદારો ભેગા થવાની સંભાવના હોય એવા વિસ્તારો બંધ કરો અથવા ફરીથી તેની સંરચના સ્પષ્ટ કરો (દા.ત., બ્રેક રૂમ, ભોજનના વિસ્તારો) જેથી સામાજિક અંતર જાળવવું શક્ય બને; વર્ક સ્ટેશનોની ડિઝાઇન ફરીથી બનાવો જેથી શારીરિક અંતર જાળવવું શક્ય બને (દા.ત. અલગ અલગ ટેબલો, ડિસ્ટન્સ માર્કર્સનો ઉપયોગ કરો જેથી સ્પેસિંગની ખાતરી કરી શકાય)
- જે વર્કસ્ટેશનો વચ્ચે જગ્યા રાખી ન શકાય તેમને અલગ કરવા માટે ફિઝિકલ પાર્ટિશન હોવાં જોઈએ (પાર્ટિશન ઓછામાં ઓછા 6 ફૂટ ઊંચાં હોવાં જોઈએ)
- કામદારોને 6 ફૂટ દૂર રહેવાનો આગ્રહ કરવા માટે દેખાય એવા સોશિયલ ડિસ્ટન્સિંગનાં માર્કર બેસાડો (દા.ત., કૅફેટેરિયામાં લાઇનો)
- કૅફેટેરિયામાં શારીરિક અંતર અને આરોગ્યનાં યોગ્ય પગલાંઓ પર અમલ થવો જ જોઈએ અને રેસ્ટોરાંના નિર્દેશો પ્રમાણે ઇન્ડોર અને / અથવા આઉટડોર બેઠકવ્યવસ્થા માટે અનુમતિ આપી શકાશે
- 6 ફૂટનું અંતર સૂચવવા માટે રૂમો અને હૉલવે પર નિશાન કરો

ભોજન અને વિરામના સમય છૂટાછવાયા રાખો, એક જગ્યાએ ભેગા થઈ શકે એવી મહત્તમ વ્યક્તિઓનું નિયમન કરો અને ઓછામાં ઓછા 6 ફૂટનું શારીરિક અંતર રાખો

બધા કામદારો માટે ફેસ કવરિંગ આવશ્યક બનાવો, સિવાય કે રોગ અથવા વિકલાંગતાના કારણે તેમ કરવું અસુરક્ષિત હોય

સંપર્ક ઓછો કરવા માટે ફૂટ ટ્રાફિક માટે કામદારોનો પ્રવાહ નિયંત્રિત કરવા માટે દિશાસૂચક ગલિયારા તૈયાર કરો (દા.ત. રૂમોમાં વન-વે પ્રવેશદ્વાર અને ઍક્ઝિટ, વન-વે ગલિયારા). આ નીતિઓ વિશે સ્પષ્ટ રીતે દેખાય એવાં પાટિયાં મૂકો

સમગ્ર સુવિધામાં હલનચલન મર્યાદિત કરવા અને કામદારોની વચ્ચે સંપર્ક સીમિત રાખવા માટે જ્યાં શક્ય હોય ત્યાં વ્યક્તિઓને તેમના ફાળવેલા કામકાજના વિસ્તારોની સોંપણી કરો (દા.ત. ફ્લોર, બિલ્ડિંગ, ફૅક્ટરી ઝોન)

એક સમયે એકથી વધુ વ્યક્તિ દ્વારા નાની જગ્યાઓમાં અવરજવર શક્ય તેટલી ઓછી કરો (દા.ત., લિફ્ટ, કન્ટ્રોલ રૂમ, વાહનો). આવી જગ્યાઓએ એક જ સમયે બધા કામદારો ફેસ કવરિંઝ પહેરે તે આવશ્યક છે

સમગ્ર સુવિધામાં હલનચલન મર્યાદિત કરવા અને કામદારોની વચ્ચે સંપર્ક સીમિત રાખવા માટે જ્યાં શક્ય હોય ત્યાં વ્યક્તિઓને તેમના ફાળવેલા કામકાજના વિસ્તારોની સોંપણી કરો (દા.ત. ફ્લોર, બિલ્ડિંગ, ફૅક્ટરી ઝોન)



**આરોગ્ય પ્રોટોકોલ્સ**

સાબુ અને નળનાં પાણી સહિત સાઇટ પર હાથ ધોવાની સુવિધાઓની સરળ પહોંચ મળે, કામદારો હાથ વારંવાર ધોઈ શકે તે માટે તેઓને પૂરતો સમય મળે તેની ખાતરી કરો; ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથે આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સનો વિકલ્પ તરીકે ઉપયોગ થઈ શકે


કાર્યસ્થળના સ્થાને કામદારોને પૂરતી ક્લીનિંગ પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)

કામદારોને આરોગ્ય અને સુરક્ષાના પ્રોટોકૉલ્સ અંગે યાદ કરાવવા માટે સમગ્ર સાઇટમાં દેખાય એવી રીતે પોસ્ટરો મૂકવાં

ઓછામાં ઓછા 60% આલ્કોહૉલ સાથેનાં આલ્કોહૉલ આધારિત હેન્ડ સૅનિટાઇઝર્સ કામદારો માટે પ્રવેશદ્વાર અને સમગ્ર ફ્લોર એરિયાઝમાં ઉપલબ્ધ કરાવવાં જોઈએ

ડેસ્ક, બારણાનાં હૅન્ડલો અને રેસ્ટરૂમો જેવા વિસ્તારો કે જ્યાં સૌથી વધુ સ્પર્શ થતો હોય ત્યાં અવારનવાર સફાઈકામ અને સૅનિટેશન જરૂરી બનાવવું

પ્રયોગશાળાની સામગ્રી/ ઉપકરણો (દા.ત. ગોગલ્સ) બીજાને આપવાનું ટાળો અથવા વપરાશની વચ્ચે ઉપકરણને ડિસઇન્ફેક્ટ કરો



**સ્ટાફ અને કામગીરીઓ**

સ્વચ્છતા જાળવવા તથા રોગનું પ્રસારણ ઘટાડવાના ઉદ્દેશ્યથી લેવાયેલાં અન્ય પગલાંઓ સહિત કામદારોને સુરક્ષાની અદ્યતન માહિતી અને તકેદારીઓ અંગે તાલીમ પૂરી પાડો, જેમાં નીચેનાનો પણ સમાવેશ થાય છે:

- સામાજિક અંતર, હાથ ધોવાની ક્રિયા, ફેસ કવરિંગનો યોગ્ય ઉપયોગ
- તાપમાન અથવા લક્ષણોની તપાસ સહિત ઘરે જાતે સ્ક્રીનિંગ
- બિમાર હો તો કામ પર ન આવવાનું મહત્ત્વ
- જો લક્ષણો તીવ્ર બને તો તબીબી સારવાર ક્યારે મેળવવી
- પહેલેથી હોય એવો કયો રોગ વ્યક્તિઓને વાઇરસના સંક્રમણ સામે અને વાઇરસના ગંભીર કેસથી ગ્રસ્ત થવાના જોખમમાં મૂકી શકે

સુવિધાકેન્દ્રોએ નીચેની બાબતો સુનિશ્ચિત કરીને પ્રત્યેક શિફ્ટ પર કામદારોનું સ્ક્રીનિંગ કરવું જોઈએ:

- કામદાર તાવ (100.0 અને તેથી વધુ) અથવા ટાઢ, ખાંસી, શ્વાસ ચડવો, ગળામાં સોજો, થાક, માથાનો દુખાવો, સ્નાયુ/શરીરનો દુખાવો, નાક દદડવું/નાક જામ થવું, સ્વાદ કે ગંધની ક્ષમતા નવેસરથી જવી અથવા ઊબકા, ઊલટી કે ઝાડા જેવાં કોઈ લક્ષણો અનુભવતા ન હોય
- કામદાર COVID-19નું નિદાન થયેલ વ્યક્તિ સાથે "ઘનિષ્ઠ સંપર્ક"માં આવ્યા ન હોય. "ઘનિષ્ઠ સંપર્ક"નો અર્થ છે એવા ઘરમાં રહેવું જ્યાં COVID-19 માટે પૉઝિટિવ આવેલી વ્યક્તિ રહેતી હોય, એવી વ્યક્તિની દેખભાળ કરવી જેનો COVID-19 ટેસ્ટ પૉઝિટિવ આવ્યો હોય, જેમનો COVID-19 પૉઝિટિવ આવ્યાને 15 મિનિટ કે વધુ સમય થયો હોય એવી વ્યક્તિથી 6 ફીટના અંતરે હાજર હોવું, અથવા COVID-19નો જેમનો ટેસ્ટ પૉઝિટિવ આવેલ હોય એવી વ્યક્તિને લક્ષણો જણાયાં હોય તે દરમિયાન એવી વ્યક્તિનાં સ્રાવો (દા.ત., વાસણો શેઅર કરવાં, તેમના પર કોઈએ ખાંસી ખાધી હોય) સાથે સીધા સંપર્કમાં આવવું
- પોતાના ડૉક્ટર અથવા સ્થાનિક સાર્વજનિક સ્વાસ્થ્ય અધિકારી દ્વારા સ્વ-એકાંતવાસ અથવા ક્વોરન્ટીન થવા માટે કામદારને કહેવામાં આવ્યું ન હોય
- ઉપરના માપદંડો પૂરા કરવામાં નિષ્ફળ જતા કામદારોને ઘરે મોકલવાના રહેશે

જે તે વિભાગ માટેના વિશિષ્ટ પ્રોટોકૉલ્સની વધારાની વિગતો https://www.mass.gov/info-details/reopening-massachusetts પર મળી શકશે

પ્રયોગશાળાઓ

# MAનાં સુરક્ષાનાં ધોરણો

## ફરજિયાત
## સુરક્ષાનાં ધોરણો



**સ્ટાફ અને કામગીરીઓ**

બધા કામદારોમાં સંપર્ક ઓછો કરવા અને ઍન્ટ્રી પૉઇન્ટ્સ પર ગીચતા ઓછી કરવા માટે કાર્યસ્થળનાં કલાકો અને શિફ્ટ્સમાં ફેરફારો કરો (જો રૂબરૂમાં કામ કરતા હો તો વિવિધ સમયપત્રકો અથવા છૂટાછવાયા આગમન / પ્રસ્થાન સાથે કામ કરતી ટીમોનો મહત્તમ ઉપયોગ કરો

જરૂરી હોય તો કૉન્ટેક્ટ ટ્રેસિંગ શક્ય બનાવવા માટે કામદારો અને ગ્રાહકોની નોંધવહી જાળવો (નામ, તારીખ, સમય, સંપર્કની માહિતી)

વ્યાવસાયિક પ્રાયોજિત મુસાફરી અંગેના માર્ગદર્શન માટે, કોમનવેલ્થના current out-of-state travel order નો  સંદર્ભ લો. નિયોક્તાઓને જાહેર આરોગ્ય વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા કોવિડ-19 ના નીચા જોખમ ધરાવતા રાજ્યોની સૂચિ સિવાયના અન્ય સ્થળોએ વ્યવસાય સંબંધિત મુસાફરીને બિનજરૂરી મંજૂરી આપવાનું ભારપૂર્વક ટાળવાની સલાહ આપવામાં આવે છે. નિયોક્તાઓ કે જેઓ તેવા રાજ્યોના પ્રવાસ માટે નિયોક્તા દ્વારા ચુકવણી અથવા રીઇમ્બર્સ દ્વારા મંજૂરી આપે છે તેમણે તેમના કર્મચારીઓ આ હુકમનું પાલન કરે તેની ખાતરી કરવા પગલાં લેવા જોઈએ. નિયોક્તાઓને આ સાથે વિનંતી પણ કરવામાં આવે છે કે તેમના કર્મચારીઓને પોતાના મનોરંજન માટે કોવિડ-19 ના નીચા જોખમ ધરાવતા રાજ્યોની સૂચિમાં સામેલ ન હોય તેવા અન્ય સ્થળોએ મુસાફરી ન કરવા માટે ભારપૂર્વક સૂચિત કરે.

કામદારોને બિમારી જેવું લાગતું હોય તો તેઓ ઘરે રહે તે જરૂરી છે

જેઓનો COVID-19 પૉઝિટિવ આવ્યો હોય એવા કામદારોને સફાઈ / રોગાણુનાશન અને કૉન્ટેક્ટ ટ્રેસિંગના હેતુઓ માટે ઑફિસના નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો જો નિયોજકને કાર્યસ્થળ પર પૉઝિટિવ કેસ અંગે જાણ કરવામાં આવે તો નિયોજકે કાર્યસ્થળ જ્યાં આવેલું હોય તે શહેર અથવા નગરના સ્થાનિક સ્વાસ્થ્ય બૉર્ડ (LBOH)ને જાણ કરવી જોઈએ અને સંભવિત સંપર્કોને એકાંતવાસ અને સૅલ્ફ-ક્વોરન્ટીન કરવાની સલાહ આપવા માટે વાજબીપણે કરાયેલી વિનંતી પ્રમાણે LBOHને સહાયતા કરવી જોઈએ. માર્ગદર્શન અનુસાર અને / અથવા LBOHની વિનંતી પર અન્ય કામદારોના પરીક્ષણની ભલામણ કરવામાં આવે છે

કોમનવેલ્થના કાર્યસ્થળ પર સુરક્ષાના ફરજિયાત ધોરણોમાં આપેલી રૂપરેખા પ્રમાણે સ્વાસ્થ્યની અગત્યની માહિતી અને સુરક્ષાનાં સંબંધિત પગલાંઓ અંગે કામદારો અને ગ્રાહકોને નોટિસ પોસ્ટ કરવી

હાલમાં કામના કલાકો સિવાય સૅનિટેશન અને સફાઈ શક્ય બનાવવા માટે પ્રયોગશાળાઓએ કામકાજના કલાકો જાળવવા જોઈએ

સાઇટ પર મુલાકાતીઓ અને સર્વિસ પ્રોવાઇડર્સની સંખ્યા સીમિત કરો; શિપિંગ અને ડિલિવરીની પ્રક્રિયાઓ નિયત વિસ્તારોમાં પૂરી કરવામાં આવવી જોઈએ, અને શક્ય હોય તો સુવિધાની બહાર

લૅબ અથવા ઉત્પાદનની સુવિધાઓમાં ઑફિસના કામદારોનો પ્રવેશ સીમિત કરો; વિભાગીય ઑફિસ / સહાયક કર્મચારીનો પ્રવેશ સુવિધાના વિશિષ્ટ વિસ્તારો પૂરતો મર્યાદિત કરો

પાણીના ફુવારાઓનો માત્ર રીફિલ સ્ટેશનો તરીકે જ ઉપયોગ થવા દો, શરત એ કે સામજિક અંતર જાળવી શકાય. કામદારોએ પોતાની પાણીની બૉટલો લઈને આવવું જોઈએ

સાઇટ પરની વધારાની સુવિધાઓ અને સેવાઓ ત્યારે જ ખૂલી શકે અને ઑપરેટ કરી શકે, જ્યારે તે સુવિધાઓ અથવા સેવાઓને અન્યથા કોમનવેલ્થના તબક્કાવાર રિઓપનિંગ પ્લાન હેઠળ ઑપરેટ કરવાની મંજૂરી મળી હોય અને ત્યારબાદ સુવિધા કે સેવાને લાગુ પડતા તમામ સૅક્ટરના સુરક્ષાના વિશિષ્ટ પ્રોટોકૉલ્સ કે જે રિઓપનિંગ પ્લાનની વેબસાઇટ પર ઉપલબ્ધ છે તેનું પાલન કરે તે અનિવાર્ય છે.  ઉદાહરણોમાં આનો સમાવેશ થાય છે:

- કૅફેટેરિયાઝ: રેસ્ટોરાંના લેટેસ્ટ નિર્દેશોનું પાલન કરવાનું રહેશે

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલના અનુસાર જેઓના પર વિશિષ્ટપણે COVID-19નું જોખમ (દા.ત. ઉંમર અથવા પહેલેથી હોય એવા રોગને કારણે) હોય એવા કામદારોને ઘરે રહેવા માટે આગ્રહ કરવામાં આવે છે

લક્ષણોની સ્વ-ઓળખ કરવા માટે અથવા જાણીતા કે શંકાસ્પદ COVID-19 કેસની કોઈ પણ નજીકના સંપર્ક અંગે નિયોજકને જાણ કરવા માટે આગ્રહ કરો

જો અનુકૂળ હોય તો કર્મચારીઓ ટેલિવર્ક કરવાનું ચાલુ રાખે તે માટે પ્રોત્સાહન આપવામાં આવે છે (દા.ત., ઑફિસનું કામ, ડેટા વિશ્લેષણ, નોટબૂક રેકૉર્ડિંગ); પ્રયોગશાળામાં ગીચતા ઓછી કરવા માટે બહારની બેઠકો દૂરથી થવી જોઈએ



**સફાઈ અને રોગાણુનાશન**

રેસ્ટરૂમોમાં સામાન્યપણે સ્પર્શવામાં આવતી સપાટીઓ (દા.ત. ટૉઇલેટ સીટ્સ, ડોરનૉબ, સ્ટૉલ હૅન્ડલો, સિંક, પેપર ટુવાલ ડિસ્પેન્સર, સોપ ડિસ્પેન્સર)ને અવારનવાર અને CDCના નિર્દેશો અનુસાર સાફ કરો

સાઇટની અવારનવાર સફાઈ અને રોગાણુનાશનની પ્રક્રિયા કરો (ઓછામાં ઓછો રોજ એક વખત અને અનુકૂળ હોય તો વધુ વખત)

જેમાં તારીખ, સમય અને સફાઈના વ્યાપનો સમાવેશ થતો હોય એવી સફાઈની નોંધવહીઓ રાખો

બહુ અવરજવર થતી હોય એવા વિસ્તારો અને બહુ સ્પર્શ થતો હોય એવી સપાટીઓમાં અવારનવાર રોગાણુનાશનની પ્રક્રિયા કરો (દા.ત. બારણાનાં નૉબ, હેન્ડરેલ, લિફ્ટ, બાથરૂમ

કોઈ પૉઝિટિવ કેસ આવે તેવી સ્થિતિમાં હાલના નિર્દેશો અનુસાર ઊંડી સફાઈ અને રોગાણુનાશન કરવા માટે સાઇટ બંધ કરો

વપરાશની વચ્ચે સહિયારી જગ્યાઓ સાફ કરો (દા.ત., કૉન્ફરન્સ રૂમો) અને સફાઈની પ્રૉડક્ટ્સ પૂરી પાડો (દા.ત. સૅનિટાઇઝર, ડિસઇન્ફેક્ટિંગ વાઇપ્સ)

**ભલામણ કરાયેલ શ્રેષ્ઠ રીતભાતો**

જ્યાં શક્ય હોય ત્યાં હવાનો પ્રવાહ વધારવા માટે બારીઓ અને બારણાં ખોલો